The News Letter From **CRC Saroda** **CRC Code:2416010010**

# Right_Choise

*Sharing ideas and practices for enriching human beings through excellence in Primary Education*

સી.આર.સી. સરોડા
||सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तो निरामयाः||
શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

માસ : જાન્યુઆરી ૨૦૧૪ અંક: ૮






STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે



**૧૨ જાન્યુઆરી,**

**યુવા દિન**

ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

-સ્વામી વિવેકાનંદ.

The "Gyanpatra"

January 2014, Issue: 8

Right_Choise™
PUBLICATION
Sharing Ideas for Excellence in Primary Education

# Editorial

Dream | Believe | Achieve

ગણતંત્ર દિવસ પર્વે આપ સૌને ખુબ ખુબ શુભકામનાઓ

વર્ષ ૨૦૧૩ ના અંતિમ માસ ડીસેમ્બરમાં નાતાલ, બાળમેળો અને રમતોત્સવ ઉજવીને અમારી શાળાઓના બાળકોએ વર્ષ ૨૦૧૩ને વિદાય આપી. તથા એક નવા ઉમંગ સાથે વર્ષ ૨૦૧૪ને વધાવી પણ લીધું. અને સાથે સાથે ઉતરાયણ તેમજ સ્વામી વિવેકાનંદની ૧૫૦ મી જન્મ જયંતી તથા ૨૬ જાન્યુઆરીની ભરપુર તૈયારીઓ સાથે નવા વર્ષ માટે સંકલ્પો પણ લીધા.

આ અંકમાં અમે ઉજવેલ શૈક્ષણીક પ્રવૃત્તિઓ તથા સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્રની થોડીક ઝલક રજુ કરેલ છે.

ચાલો આપણે સૌ મિત્રો ગતવર્ષ ૨૦૧૩ ના સંભારણા સાથે સાથે આ નવા વર્ષને ઉમળકાભેર વધાવીએ.

મિત્રો, પ્રેમ અને હૂંફ જેટલા અનિવાર્ય અને આવશ્યક છે. એટલી જ આવશ્યકતા એની મર્યાદાને સમજવાની પણ છે. વહાલ એટલું ન હોય કે તેમાં વિવેક પણ તણાઇ જાય, પ્રેમ એટલો અને એવો ન હોય બાળક પાંગળું બની જાય. આટલી વાત જે મા-બાપ બરોબર સમજતાં હોય છે તેઓ બાળકની જરૂરિયાતની અસલિયત વાસ્તવિક જગતનો તગાદો અને પોતાના કર્તવ્ય વિશે પૂરેપૂરા સભાન રહી બાળક સાથે ખૂબ જ સમતોલ અને સ્વસ્થ વ્યવહાર રાખી શકે છે.

૨૧મી સદીએ ટેકનોલોજીમી સદી છે. ટેકનોલોજીનો શિક્ષણમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય તે ઉપર લેખ આ અંકમાં સમાવિષ્ટ છે.

Jigar M Patel
CRC Co. Saroda(Balasinor)

## માહિતી

પ્રકાશન :૧ જાન્યુઆરી ૨૦૧૪.

પછીનો અંક: ૨ ફેબ્રુઆરી ૨૦૧૪

સંપાદક: જીગર પટેલ

પ્રકાશક:Right_Choise

સર્વ શિક્ષા અભિયાન

ગુજરાત રાજ્ય

The articles in this magazine are neither created nor re-viewed by us.Rightchoise will not be responsible for any kind of misuse of

information given here.

Volume:1 | Issue:8

Pub ID: RC8JAN14

crc.khd.balasinor.saroda@gmail.com

All rights reserved

RightChoise Web services

Terms & Conditions



## Festivals @ January '14

- ⇒ ૧૨ જાન્યુઆરી — સ્વામી વિવેકાનંદ જયંતી
- ⇒ ૧૪ જાન્યુઆરી— ઉતરાયણ,
- ⇒ ઈદે મિલાદ
- ⇒ ૨૬ જાન્યુઆરી — પ્રજાસત્તાક દિન
- ⇒ ૩૦ જાન્યુઆરી— ગાંધી નિર્વાણ દિન

## શૈક્ષણિક પ્રવૃત્તિઓ...



સી.આર.સી સરોડા ખાતે એક દિવસીય શિક્ષક તાલીમનું આયોજન ૦૭/૧૨/૨૦૧૩ ને શનિવારના રોજ કરવામાં આવ્યું. ગત ડીસેમ્બર માસ દરમિયાન સરકાર શ્રી દ્વારા યોજિત રન ફોર યુનિટી , સરદાર બાળમેળા તથા સી.આર.સી કક્ષાના રમતોત્સવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ સફળતા બદલ કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વે શિક્ષકમિત્રો, વિદ્યાર્થી મિત્રોનો ખુબ ખુબ આભાર. સાથે સાથે શાળાઓમાં નાતાલની પણ ઉજવણી કરવામાં આવી હતી. .

**૨.બાળમેળો:—**

તારીખ ૧૩/૧૨/૨૦૧૩ ને શુક્રવારના રોજ સમગ્ર ગુજરાત રાજ્યમાં ભારતના લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના કાર્યને અનુલક્ષીને બાળકોમાં સરદાર પટેલ વિષે જ્ઞાનમાં અભીવૃદ્ધીના હેતુએ સરદાર બલ્મેલાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત કલસ્ટરની તમામ સળોમાં સમગ્ર દિવસ દરમિયાન  વિવિધ પ્રવ્ર્ત્તીઓનું આયોજન કરેલ હતું.








## ૧. રમતોત્સવ:—

તારીખ ૧૨/૧૨/૨૦૧૩ ને ગુરુવારના રોજ કલસ્ટરની શાળા વેરાસા ખાતે સી.આર.સી કક્ષાનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં ૨૧૮ બાળકો અને ૩૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામને સી.આર.સી સરોડા તરફથી સર્ટીફીકિટસ એનાયત કરવામાં આવ્યા હતા. તદુપરાંત વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી વિજેતા બાળકોને અંકે રૂ. ૧૦૦૦/- નાં ઈનામ આપવામાં આવ્યા હતા.




















RUN FOR UNITY
एक भारत, श्रेष्ठ भारत.

નરેદ્રનાથ દત્ત નામનો એક વિદ્યાર્થી કલકત્તાની એક કોલેજમાં ભણતો હતો. એ તત્વજ્ઞાનનો અભ્યાસી હતો. અનેક પુસ્તકો વાંચ્યા પછી એના મનમાં પ્રાપ્ત થયો. બધા ઈશ્વર ઈશ્વર કરે છે તો આ ઈશ્વર કોણ છે? કેવો છે? કોઈએ એને જોયો હશે ખરો?' એણે મોટા મોટા પંડિતોને અને જ્ઞાનીઓને આ પ્રü◌ા કર્યો, પણ કોઈએ કહ્યું નહિ કે મેં ઈશ્વરને જોયો છે. એમ કરતાં એક દિવસ એ દક્ષિણેશ્વર ગયો. ત્યાં પરમહંસ શ્રી રામકૃષ્ણ દેવને એણે સીધો જ સવાલ કર્યો`જી, તમે ઈશ્વરને જોયો છે?' પરમહંસે તરત કહ્યું` હા, જેવી રીતે અત્યારે હું તને જોઉં છું, તેવી જ રીતે ઈશ્વરને જોઉં છું. ફેર એટલો કે હું તને વધારે સ્પષ્ટ જોઉં છું. તારે એને જોવો હોય તો તને પણ દેખાડી શકું!'

જવાબ સાંભળી નરેદ્રનાથ આભો બની ગયો. તેના મનની ઘડમથલ શમી ગઈ. એ પરમહંસનો ભક્ત બની ગયો.
આ નરેદ્રનાથ તેજ સ્વામી વિવેકાનંદ.
નરેદ્રનાથનો જન્મ તા. 12-1-1863ના રોજ કલકત્તામાં થયો હતો. તેના પિતાનું નામ નરેદ્રનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી. વિશ્વનાથ દત્ત કલકત્તાના જાણીતા વકીલ હતા.

અમેરિકામાં ઠેરઠેર તેમણે ભાષણો આપ્યાં. તે બધાનો સાર ટૂંકમાં આમ કહી શકાયઃ` હિંદુ એ કોઈ સંકુચિત ધર્મવાચક શબ્દ નથી, એ કોઈ સંકુચિત વિચાર ધારા નથી. હિંદુઓને મન કોઈ માન્યતાનો સ્વીકાર કે અસ્વીકાર એ ધર્મ નથી, ધર્મ તો અનુભૂતિની, સાક્ષાત્કારની વસ્તુ છે. હિંદુધર્મ મનુષ્યને ઈશ્વર તરીકે ચાહવાનો આનંદ કેવો છે તે દેખાડે છે .



ત્રણચાર વાર સ્વામીજીએ વિદેશમાં ગાળ્યાં. ઈંગ્લાંડમાં મીસ માર્ગારેટ નોબલ નામે એક બાઈ એમની શિષ્યા બની. સ્વામીજીએ તેનું નામ `ભગિની નિવેદિતા' પાડયું.
વિલાયતમાં ઓક્સફર્ડ શહેરમાં મેક્સમૂલર નામે સંસ્કૃતનાં મહા વિદ્દ્વાન રહેતા હતા. તેમણે વેદનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યુ છે. સ્વામીજી તેમને મળવા ગયા ત્યારે એ બોલી ઊઠયાઃ`વાહ, હું કેવો ભાગ્યશાળી કે શ્રી રામકૃષ્ણના શિષ્યનાં મને દર્શન થયાં!

બે વર્ષ રહીને ફરી સ્વામીજી અમેરિકા ગયા. આ વખતે ફ્રાન્સમાં એક મોટી પરિષદ મળવાની હતી. રસ્તામાં સ્ટીમર પર એમણે ફ્રેન્ચ ભાષા શીખી લીધી હતી અને એ પરિષદમાં ફ્રેન્ચ ભાષામાં જ ભાષણ આપ્યું!
આ વખતે વિદેશથી આવ્યા પછી એમની તબિયત બગડી. દાક્તરોએ આરામની સલાહ આપી. સ્વામીજીએ કહ્યુંઃ` મરતાં મરતાં પણ જો દેશનું થોડું કલ્યાણ થઈ શકતું હોય તો હું શા માટે મૂગો રહું?'
મહાપ્રયાણનો દિવસ આવ્યો. સ્વામીજીએ કાલીપૂજા કરી ત્રણ કલાક સુધી ધ્યાન કર્યું. પછી સૌની સાથે ભોજન લીધું. તે પછી વિદ્યાર્થીઓને ત્રણ કલાક ભણાવ્યા. સાંજે પોતાના કમરામાં જઈ હાથમાં માળા લઈને ધ્યાન કરવા બેઠા. રાતના નવ વાગ્યા. ધ્યાન પૂરું કરી સ્વામીજી જમીન પર સાદડી નાખી સૂતા. તે પછી થોડીવારે તેમનો માળા ફેરવતો હાથ થંભી ગયો. તે જ પળે એમણે દેહ છોડી દીધો. તા. 4-7-1902. તે વખતે તેમની ઉંમર માત્ર 39 વર્ષની હતી.
સ્વામી વિવેકાનંદ ભારત દેશની એક અદ્દ્વિતિય પરમ વિભૂતિ છે. તેમના જીવનના અનેક પ્રેરણાદાયી પ્રસંગો છે.

# છેલ્લી ક્ષણ.......



ગાંધીજીના મૃત્યુના સમાચાર સંભાળીને સમગ્ર વિશ્વ ચોંકી ગયું. ભારત તો સાર્વત્રિક રીતે આઘાતમાં સરી પડ્યું. દેશના કરોડો રસોડામાં તે દિવસે અન્ન ન રંધાયું. લોકો ભૂખ ભૂલી ઊંઘી ગયા હતા. રોતા-કકળતાં લોકોનું પુર બિરલા હાઉસ તરફ ઉમટી રહ્યું હતું. તેમના પ્યારા ગાંધી બાપુનું પાર્થિવ શરીર બિરલા હાઉસના પ્રથમ માળે લોકોના અંતિમ દર્શને માટે રાખવામાં આવ્યું હતું. લોકો તેમની ચારે તરફ બેસી ભગવદ્ ગીતા માંના તેમના પ્રિય શ્લોકોનું ગાન કરતા હતાં.

ગાંધીજીના સચિવ પ્યારેલાલે નહેરુજી તેમજ અન્ય લોકોને જણાવ્યું કે ગાંધીજીએ ઘણી વખત પોતાના મૃત્યુ બાદ એમની અંતિમક્રિયા શકય એટલી ઝડપથી કરવા કહ્યું હતું. એટલે એમના અંતિમ સંસ્કાર બીજે જ દિવસે આયોજિત કરવામાં આવ્યો.

તેમને માળા તેમજ સુતરની આંટી પહેરાવવામાં આવી. તેમનું શરીર સૈન્યની એક લશ્કરી વાનમાં યમુનાતટ સ્થિત એક સ્મશાનમાં લાવવામાં આવ્યું. લાખો લોકો ઉમટી પડયાં. અંતિમક્રિયાનો પાંચ માઈલનો રસ્તો પસાર કરવામાં પાંચ કલાક લાગ્યા હતા. ત્રીજે દિવસે અસ્થિ એકત્ર કરવામાં આવ્યા. તેર દિવસ પછી અસ્થિ દેશની વિવિધ નદીઓમાં અને મહાસાગરોમાં વિસર્જિત કરવામાં આવ્યાં હતા. હવે આ સમૃતિ સ્થળ "રાજઘાટ" તરીકે ઓળખવામાં આવે છે.

-મહાત્મામંદિર પ્રદર્શની માંથી

# શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ

## સ્વરચિત કાવ્ય-"શાળાએ જાવા દો"

હાંરે અમે શાળામાં ભણતાં બાળ,
શાળાએ જાવા દો....
હાંરે અમે આનંદે ખેલતાં બાળ,
શાળાએ જાવા દો.... હાંરે અમે
મીના આવે, રીના આવે
વિજય આવે વિનય આવે.
હાંરે અમે ઝટપટ દોડતાં બાળ,
શાળાએ જાવા દો.... હાંરે અમે
પાઠ વાંચીએ પાઠ લખીએ
સરવાળા કરીએ બાદબાકી ગણીએ.
હાંરે અમે પ્રાર્થના ગાતાં બાળ,
શાળાએ જાવા દો.... હાંરે અમે
સ્વાધ્યાય લખીએ મહાવરો કરીએ
રમતો રમીએ ગીતો ગાઈએ
હાંરે અમે નાચગાન કરતાં બાળ
શાળાએ જાવા દો.... હાંરે અમે
જીવન તણા સુંદર પાઠો જ ભણીએ
સંસ્કારી બનવાના ગુણો ખીલવીએ
હાંરે અમે નિત નિત ખીલતાં બાળ,
શાળાએ જાવા દો....

-શ્રી મણીલાલ એમ. વણકર
આચાર્યશ્રી પ્રાથમિક શાળા ગજાપગીના મુવાડા

'શિક્ષણમાં ટેકનોલોજી નો ઉપયોગ પ્રવેશથી લઈને પરિણામ સુધી થઇ શકે. શિક્ષણમાં ટેકનોલોજીનો વિચાર બે બાબતે કરવાનો છે. પ્રથમ તો ટેકનોલોજીનું શિક્ષણ અને બીજું ટેકનોલોજી દ્વારા શિક્ષણ. ટેકનોલોજીનું શિક્ષણ એટલા માટે કે તેનું જ્ઞાન હશે તો તમે તેનો ઉપયોગ કરી શકશો. જે ભારતમાં આજે બાળસ્વરૂપે છે, ધીમી શરૂઆત થઇ છે ભારતની દરેક શાળામાં કમ્પ્યુટર છે પણ તેનો ઉપયોગ કેટલો??? બીજી બાજુ ટેકનોલોજી દ્વારા શિક્ષણમાં પણ કેટલા શિક્ષકો પોતાના માટે કે બાળકો માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે??? ઉપરોક્ત બાબતો માટે જાગૃત બનીને અમલ કરવો જ પડશે. આજનું બાળક નવી ટેકનોલોજી ઝડપથી સ્વીકારે છે. જયારે વાલી અને શિક્ષકો ઝડપથી તેની સાથે કદમ મિલાવી શકતા નથી. ઘરમાં નવું ટી.વી. કે સેલફોન વાલીને શીખ્સ્તા અને વાપરવામાં મહિના નો સમય લાગી જાય છે, જયારે બાળક એકાદ અઠવાડિયામાં શીખી જાય છે.ક્યારેક તો વાલીઓને બાળકો પાસેથી શીખવું પડે છે.આ સુ દર્શાવે છે? આજનો બાળક જેટલી હદ સુધી ટેકનોલોજીને સ્વીકારે છે તેટલી હદ સુધી જો આપણે નહિ સ્વીકારીએ તો બાળકો પણ આપણને નહિ સ્વીકારે.

ટેકનોલોજીનો ઉપયોગ શૈક્ષણિક સાધન તરીકે કરવાનો છે.એટલે કે ટેકનોલોજીનો ઉપયોગ ક્યારે? કેમ? કેટલો? અને કેવી રીતે કરવો વગેરે બાબતોથી શિક્ષક જ્ઞાત હોવું જોઈએ.વિદ્યાર્થી જોઈતી માહિતી કદાચ એક જ ક્લીકે મેળવી લેશે. કદાચ તે શિક્ષક પાસે નહિ આવે. ત્યારે શિક્ષકે પોતાની તરફ ખેંચવા માટે નવી યુક્તિઓ અને ટેકનોલોજી વાપરવી પડશે.ડીક્ષનરીઓ વાપરવાનો સમય પણ નહિ હોય, પોતાને જોઈતા શબ્દની માહિતી તે ક્ષણમાં જ સર્ચ કરીને જોઈ લેશે. નોટીસબોર્ડની માહિતી ધક્કામુકીમાં વાંચવા કરતા સ્માર્ટફોનમાં ફોટો પાડીને ઘરે શાંતિથી જોવા માંગતા વિદ્યાર્થી આવતીકાલે શું નહિ કરી શકે?નોટબુક અને પેન-પેન્સિલના જમાના ગયા, કમ્પ્યુટર અને માઉસનો જમાનો છે. એ પણ બદલાયો છે –ટચસ્ક્રીન ભવિષ્યમાં જે વિચારો તે લખશે. આજે કેટલીક શાળાઓમાં સ્માર્ટબોર્ડ આવ્યા છે, વિદ્યાર્થી પોતે સ્માર્ટ બન્યો છે, ત્યારે શિક્ષકે પણ સ્માર્ટ બનવાની જરૂર છે.

-ડો. અશોક પટેલ.



Do not let worldly thoughts and anxieties disturb your mind.

-swami vivekanand

## *News Update...*

- સરકાર શ્રી દ્વારા તાજેતરમાં વિદ્યાસહાયક (ગણિત-વિજ્ઞાન) ભરતી પ્રક્રિયા ચાલુ ...
- સરકારશ્રી દ્વારા ગત વર્ષે સરકારી પ્રાથમિક શાળાઓમાં હેડ ટીચરની ભરતી પ્રક્રિયાને સફળતા મળ્યા બાદ ચાલુ વર્ષે હેડ ટીચર( HTAT) ની બીજા તબક્કાની ભરતી પ્રક્રિયાની શરૂઆત.....

## The Editorial Team


પટેલ જીગર એમ.

સી.આર.સી કો.ઓ. સરોડા

બાલાસિનોર.

જીલ્લો:ખેડા


To,________________________________________

________________________________________

________________________________________

________________________________________

*You are Always Welcome to ........*


**Cluster Resource Center, Saroda**

**Saroda Village,Balasinor Di:Kheda (Gujarat)**

**+91-9979146176 | http://crcsaroda.tk | http://rightchoise.blogspot.in**